☎ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૧/૨૧–૨૨/ ૨૧૦૪ તારીખ : 16 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ,**
**ગામ–ચોકડી, તા.ચુડા,**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૮૨૫૫ ૫૨૮૯૫.**

કેસ નં.૨૧/૨૧–૨૨

**વિષય : નવા કનેકશન માટે અરજી ફોર્મ સ્વીકારવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૬/૦૬/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૬/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૧–૨૨/૧૮૭૫ તા.૨૪/૦૬/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૧–૨૨/૧૯૨૫ તા.૨૯/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**

Grievance Redressal
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૧/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૯/૦૭/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી તથા**
**શ્રી જે.જી.મકવાણા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી,ચુડા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ,ગામ–ચોકડી, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની નવા કનેકશન માટે અરજી ફોર્મ સ્વીકારવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૧–૨૨/૧૮૭૫ તા.૨૪/૦૬/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૯/૦૭/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, લીંબડી તથા શ્રી જે.જી.મકવાણા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જયભારત સાથ આપ સાહેબને જણાવવાનું કે, અમો એ અમારી માલીકીની વાડી ઉપર ખેતીવાડી કનેકશન નવું લેવા માંગીએ છીએ. જે કનેકશન માટે અમો ચુડા પીજીવીસીએલ ની ઓફીસ ઉપર અરજી ફોર્મ તથા તેને લગતા ડોકયુમેન્ટસ લઈને ગયેલ પણ મકવાણા સાહેબ અમારૂં ફોર્મ સ્વીકારવા તૈયાર નથી.

૧.૨ આપ સાહેબને જણાવવાનું કે, તાજેતરમાં આમારા ઘર મીટર નું બિલ ખરાબ પરિસ્થીતી હોઈ ભરી શકેલ નહી. તે બિલ તાજેતરમાં ૨૦૦૩ માં લોક અદાલત માં સમાધાન કરેલ. જયારે ગુજરાત વિધુત બોર્ડ નો વહીવટ હતો ત્યારે અમોએ લોક અદાલતમાં રૂા.૩૦૦૦/– ભરી પહોંચ નં– G–૦૬૯૦૨૨૧ થી ભરેલ છે. તે પહોંચ આ સાથે સામેલ છે. છતાં પણ અમારી પાસે લેણી રકમ રૂા.૩૭૮૯/૪૬ બાકી પીજીવીસીએલ તરફથી આપવામાં આવે છે. તે પૈસા

અમોએ તા.૨૫/૫/૨૦૨૧ ના રોજ રૂા.૩૭૯૦/– પહોંચ નં–UU 180911 થી ભરેલ છે. કારણ કે, અમારે કોઈ કોર્ટ કચેરીમાં ઉતરવું પડે નહી અને અમોને કાયદેસર નવું કનેકશન મળી જાય, પાછળથી અમારી પાસે કોઈ જાતનું પીજીવીસીએલ નું બાકી લેણું કાઢે નહી એટલે અમોએ રાજીખુશી થી સમાધાન થયેલ છે છતાં, બીજી વખત અમોએ આ બીલ ભરેલ છે. તેની પહોંચ પણ આ સાથે સામેલ છે.

૧.૩ આપ સાહેબને જણાવવાનું કે, આ બંને બિલ ભરવા છતાં, અમોને નવા કનેકશન માટે નું અરજી ફોર્મ ચુડા પીજીવીસીએલ સ્વીકાર્યુ નથી અને અમોને એવો જવાબ આપેલ છે કે, જે બિલ તા.૨૫/૫/૨૦૨૧ ની સાલમાં તમોએ રૂા.૩૭૯૦/– ભરેલ છે તે બિલ ની રકમનું વ્યાજ તમારે ૨૦૦૩ ની સાલથી આજદિન સુધી નું એટલે કે, ૧૮ વર્ષ નું વ્યાજનું બિલ ભરવું પડશે. ત્યારબાદ, નવા કનેકશન માટેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે.

૧.૪ આપ સાહેબને જણાવવાનું કે, તાજેતરમાં અમારા ઘરવપરાશનું બિલ લોક અદાલતમાં સમાધાન કરવામાં આવેલ. જેના કરતા ત્રણ ગણું બિલ વધારે પીજીવીસીએલ વસુલ કરેલ છે અને અમોને નોટીસ પણ મોકલેલ છે તે નોટીસ આ સાથે સામેલ છે.

૧.૫ આપ સાહેબને વિનંતી કે, તાજેતરમાં અમારા ઘર વપરાશ નું બિલ બાકી છે અને નોટીસમાં ખોટું ખેતીવાડી કનેકશન ધરાવતા હતા તેવું દર્શાવવામાં આવેલ છે અને ખેતીવાડી ગ્રાહક નંબર પણ ખોટો બતાવવામાં આવેલ છે અને જયારે, લોક અદાલતમાં સમાધાન કરેલ ત્યારે ગુજરાત વિધુત બોર્ડ નો વહીવટ હતો. તેમાં,પીજીવીસીએલ કંપની ને કોઈ લેવા દેવા રહેતું નથી તે બિલ અમારી પાસે વસુલ કરી શકતા નથી. બીજું કે, મકવાણા સાહેબનું કહેવું થાય છે કે, જયારે લોક અદાલતમાં તમોએ સમાધાન કરેલ તે ઓછા પૈસા ભરેલ છે તે અમારી કંપની ને મંજૂર નથી માટે તમોએ જે બે બિલ ભર્યા છે તે બરાબર પણ પાછળનું બિલને અઢાર વર્ષ ભરેલું તે બિલ નું વ્યાજ વસૂલ કરવાનું અમારી કંપની ને રહે છે.

૧.૬ બીજું કે, પીજીવીસીએલ કંપનીએ અમોને ૨૦૦૯ ની સાલમાં અમોને નવું કનેકશન આપેલ છે ત્યારે પણ અમોને કોઈ જાતનું લેણું દર્શાવેલ નથી અને પીજીવીસીએલ તરફથી આજદિન સુધી અમોને કોઈપણ જાતની નોટીસ પણ આપવામાં આવેલ નથી કે, જાણ સુધ્ધા પણ કરેલ નથી. તો, આપ સાહેબને વિનંતી કે યોગ્ય તપાસ કરી અમોને યોગ્ય જવાબ આપવા મહેરબાની કરશોજી. આપ સાહેબને વિનંતી કે, અમોને યોગ્ય જવાબ નહી મળે તો, અમારે ના છૂટકે કોર્ટ માં દાવો કરવાની ફરજ પડશે. જેની ગંભીર નોંધ લેશો.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ના જણાવ્યા મુજબ સદર વાદી શ્રી ખીમજીભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ દ્વારા અત્રેની કચેરીએ કરવામાં આવેલ નવા ખેતીવાડી વિજ કનેકશન ની અરજી ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા ન સ્વીકારવા અંગે જણાવવાનું કે, પીજીવીસીએલ–ચુડા ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ગામ ચોકડી ના વાદી શ્રી ના ગ્રાહક નં–૭૪૦૭૨/૦૦૫૪૬/૦ માં રકમ રૂા.૩૭૮૯/૪૬ બાકી હોઈ, સદર રકમ વ્યાજ સહિત ભરવાની થતી હોય, આ રકમ ભર્યા બાદ વિજ કનેકશન ની આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. પરંતુ, વાદી દ્વારા તા.૨૫/૫/૨૦૨૧ ના રોજ રકમ રૂા.૩૭૯૦/– રસીદ નં–

UU 180911 થી ભરેલ છે. આમ, વાદી દ્વારા ફકત મુદલ રકમ જ ભરેલ છે. વ્યાજ ની ભરવાપાત્ર કોઈ રક વાદી દ્વારા ભરવામાં આવેલ નથી. જેથી વાદીના નવા ખેતીવાડી વિજ કનેકશન ની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

૨.૨ વાદીની રજૂઆતમાં જણાવ્યા અનુસાર, વાદી દ્વારા ગ્રાહક નં–૭૪૦૭૨/૦૦૫૪૬/૦ માં રૂ.૩૭૨૭/૮૫ રકમ બાકી રહેલ હતી. જેની સામે વાદી દ્વારા વર્ષ–૨૦૦૩ ની લોક અદાલતમાં રૂ.૩૦૦૦/– રસીદ નં–૦૦૧૭૨૬ તા.૮/૯/૨૦૦૩ ના રોજ ભરી સમાધાન કરેલ છે તેવું જણાવેલ છે. સદર બાબતે આપ સાહેબને જણાવવાનું કે, વાદી દ્વારા તા.૮/૯/૨૦૦૩ ની લોક અદાલત માં કુલ બાકી રકમ રૂ.૩૭૨૭/૮૫ ની સામે રૂ.૩૦૦૦/– ભરેલ છે. આમ વાદી દ્વારા મૂળ રકમ કરતાં, ઓછી રકમમાં સમાધાન કરેલ છે. આમ, વાદી દ્વારા ઓછી રકમ ના કરેલ સમાધાન અંગે જણાવવાનું કે, કંપની ના નિયમાનુસાર મૂળ રકમ કરતા ઓછી રકમનું સમાધાન થઈ શકે નહી. આથી, વાદી દ્વારા તા.૮/૯/૨૦૦૩ ના રોજ ભરેલ રકમ વાદી ની મૂળ રકમ સામે જમા લીધેલ છે અને વ્યાજ ની માફી ગ્રાહક નં–૭૪૦૭૨/૦૦૫૪૬/૦ માં આપવામાં આવેલ નથી અને ગ્રાહક ખાતે બાકી રહેલ રકમ વ્યાજ સહિત ભરવાની થાય છે. જે અંગેની જાણ ગ્રાહકને પેટા વિભાગીય કચેરી દ્વારા કરેલ છે.

૨.૩ વર્ષ–૨૦૦૯ માં વાદીને આપવામાં આવેલ નવા વિજ કનેકશન અંગે જણાવવાનું કે, વર્ષ–૨૦૦૯ માં વાદીને આપવામાં આવેલ વિજ કનેકશન વખતે ઉપરોકત ગ્રાહક ખાતેની બાકી રકમ શરતચૂક થી રહી ગયેલ હોઈ શકે છે. જે ગ્રાહક દ્વારા નવા વિજ કનેકશન ની માંગણી વખતે ધ્યાને આવતા વાદીને પેટા વિભાગીય કચેરી દ્વારા જણાવેલ છે.

૨.૪ આમ,વાદીના નવા વિજ કનેકશન ની માંગણીમાં નો ડયુ ચકાસતાં, વિજ ગ્રાહક નં–૭૪૦૭૨/૦૦૫૪૬/૦ માં બાકી રકમ સામે આપના દ્વારા ભરપાઈ કરેલ રકમ રૂ.૩૭૯૦/– પર ભરવાના થતા ખરેખર વ્યાજ ની રકમ ગ્રાહકનું લેઝર બન્યા બાદ આપે ભરવાનું થાય છે. જે રકમ ભર્યા બાદ ગ્રાહક ના નવા ખેતીવાડી વિજ કનેકશન ની અરજી પર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૨.૫ વધુમાં જણાવવાનું કે, સદર ગ્રાહક જો DPC (વ્યાજ) માફીનો લાભ લેવા માંગતા હોય તો, આગામી લોક અદાલત તા.૧૦/૭/૨૦૨૧ ના રોજ ચુડા કોર્ટ ખાતે હાજર રહી મુદલ રકમ નું ચૂકવણું કરીને વ્યાજ માફીનો લાભ લઈ શકાશે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ખીમજીભાઈ વિઠલભાઈ ચૌહાણ, ગામ–ચોકડી એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓ ખેતીવાડી નું નવું કનેકશન લેવા માટે અરજી કરેલ. પરંતુ, પ્રતિવાદી ની ચુડા પેટા વિભાગીય કચેરી એ અરજી ફોર્મ સ્વીકારવા તૈયાર નથી.

૩.૨ વાદી ગામ–ચોકડીમાં ગ્રાહક નં–૨૫૨૭૨/૦૦૫૪૬/૫ થી સીગલ ફેઈઝ ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવતા હતા.

૩.૩ વાદીને તા.૩૧/૮/૨૦૦૩ સુધીની રૂા.૭૨૬૬/૬૪ નું વિજ બિલ પેટે પ્રતિવાદીને ભરવાની થતી હતી. તે માટે પ્રતિવાદીએ વાદીને લોકઅદાલત ના માધ્યમ થી સમાધાન માટે લીટીગેશન કેસ નં–૬૮ થી નોટીસ કાઢી તા.૮/૯/૨૦૦૩ ના રોજ લોક અદાલતમાં હાજર રહેવા જણાવેલ.

૩.૪ તા.૮/૯/૨૦૦૩ ના રોજ થયેલ સમાધાન મુજબ વાદીએ રૂા.૩૦૦૦/– પહોંચ નં–૦૬૯૦૨૨૧ થી સમાધાન ની રકમ પેટે ભરી આપેલ.

૩.૫ આમ, પ્રતિવાદીની વાદી સામે વિજ બિલ પેટે કોઈ રકમ બાકી ન હોવા છતાં, પ્રતિવાદીએ ફોર્મ સ્વીકારતા સમયે વાદીને જણાવેલ કે, તેઓને તેના ઘર વપરાશ ના ગ્રાહક નં–૨૫૨૭૨/૦૦૫૪૬/૫ સામે રૂા.૩૪૯૦/– ભરવાના થાય છે અને તેથી પ્રતિવાદીએ વાદીનું અરજી ફોર્મ સ્વીકારેલ નહી.

૩.૬ પ્રતિવાદીએ વાદીને મૌખિક જણાવ્યા મુજબ રૂા.૩૭૯૦/– તા.૨૫/૫/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીની ચુડા પેટા વિભાગીય કચેરીમાં ભરપાઈ કરેલ, તેમ છતાં પ્રતિવાદીએ વાદીની ખેતીની અરજી નું ફોર્મ સ્વીકારેલ નહી અને વાદીને રૂા.૩૭૯૦/– નું DPC (વ્યાજ) ચાર્જ રૂા.૭૯૦/– ભરવા જણાવેલ.

૩.૭ ૨૦૦૩ ના વર્ષ માં વાદીની બાકીની વિજ રકમ માટે પ્રતિવાદીને વાદી વચ્ચે સમાધાન તા.૮/ ૯ /૨૦૦૩ ના રોજ લોક અદાલત ના માધ્યમ થી સમાધાન થયેલ અને તે મુજબ વાદીએ રૂા.૩૦૦૦/– ભરપાઈ કરી આપેલ. તેમ છતાં, પ્રતિવાદી ના કહેવા મુજબ વાદીએ તા.૨૫/૫/૨૦૨૧ ના રોજ તેની સામે લ્હેણી નીકળતી રકમ રૂા.૩૭૯૦/– ભરપાઈ કરી આપેલ. વાદીએ હવે કોઈ રકમ ભરવાની રહેતી નથી. એવું જણાય છે કે, પ્રતિવાદી ચુડા ની કચેરીના અધિકારી વાદીને ખોટી રીતે હેરાન કરી અને તેની ખેતીવાડી ની અરજી નું ફોર્મ સ્વીકારતા નથી તેમજ આધાર પુરાવાઓ વગર ની બાકી લ્હેણી રકમ વાદી પાસેથી વસુલવા જણાવેલ છે.

૩.૮ આથી હુકમ કરવામાં આવે છે કે, વાદી પાસેથી કોઈપણ રકમ તેના જુના ગ્રાહક નં–૨૫૨૭૨/૦૦૫૪૬/૫ સામે વસુલવા નહી અને વાદીને ખેતીવાડી વિજ કનેકશન માટેની અરજી નિયમ મુજબ સ્વીકારી અને આગળ કાર્યવાહી કરવી. તેમજ થયેલ કાર્યવાહી ની ફોરમે જાણ દિવસ–૧૫ માં કરવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૦૯/૦૭/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar